આકાશવાણી, અમદાવાદ

29-09-2025 Midday: 2.30 to 2.35 pm

Monday Regional News

## GUJARAT RAIN

રાજ્યમાં વરસાદનું ફરી જોર વધ્યું છે. છેલ્લાં 24 કલાકમાં રાજ્યના 232 તાલુકામાં હળવાથી ભારે વરસાદ થયો છે. ગીર સોમનાથના સૂત્રાપાડામાં સૌથી વધુ 8 ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. જ્યારે વલસાડના કપરાડા અને ઉમરગામ, ગીર સોમનાથના વેરાવળ અને જૂનાગઢના માંગરોળમાં 4 ઈંચ કરતાં વધુ વરસાદ નોંધાયો છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા અને કલ્યાણપુરમાં પણ પોણા ચાર જેટલો વરસાદ થતા ગરબા સંચાલકો ચિંતામાં મુકાયા હતા. બીજી તરફ ભાવનગરના ગ્રામ્ય પંથકમાં ભારે વરસાદથી કપાસ, મગફળીના પાકને નુકસાન થયું છે.

ઉપરાંત કચ્છ જિલ્લાના અંજાર-મુન્દ્રામાં 2 ઈંચ, ગાંધીધામમાં દોઢ ઈંચ વરસાદ નોંધાયો હતો. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ વરસાદ 115 ટકા વરસાદ વરસ્યો છે. વરસાદને પગલે રાજ્યના 146 જળાશય હાઈએલર્ટ પર છે. નર્મદા બંધ 97 ટકા તેમજ અન્ય 206 જળાશયો કુલ સંગ્રહ ક્ષમતાના 95 ટકા જેટલા ભરાયા છે.

વરસાદના પગલે અત્યાર સુધીમાં 15 હજાર 971 નાગરિકોને સલામત સ્થળે ખસેડાયા છે, તેમજ 1351 લોકોને બચાવી લેવાયા છે. હવામાન વિભાગ દ્વારા માછીમારોને 2 ઓક્ટોબર સુધી દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

. . . . . . . . . . .

## WEATHER FORECAST

હવામાન ખાતાએ આજે અમરેલી અને ગીરસોમનાથ જિલ્લામાં છૂટાછવાયા સ્થળ પર અત્યંત ભારે વરસાદની આગાહી કરી છે. જ્યારે રાજકોટ, જુનાગઢ, બોટાદ, ભાવનગર, સુરત, તાપી, નવસારી, ડાંગ, દમણ, દાદરા અને નગરહવેલીમાં છૂટાછવાયા સ્થળ પર અતિભારે વરસાદની સંભાવના છે. આ સિવાયના કેટલાક જિલ્લામાં ભારે વરસાદ થઈ શકે છે.

. . . . . . . . . . .

## BOTAD ACCIDENT

બોટાદ જિલ્લાના પાળીયાદ-રાણપુર માર્ગ પર ખાનગી બસ અને ટ્રક વચ્ચેના અકસ્માતમાં ત્રણ લોકોના મોત થયા છે. અમારા પ્રતિનિધિ પ્રકાશ ભિમાણી જણાવે છે કે હીરાના કારીગરો અને મેનેજર ધાર્મિક સ્થળે દર્શન કરી પરત ફરી રહ્યા હતા ત્યારે સાકરડી ગામ નજીક આ ઘટના બની હતી. અકસ્માતમાં 15થી લોકોને ઈજા પહોંચતા સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

. . . . . . . . . .

## MEHSANA PASHU SMASHAN

મહેસાણા જિલ્લાની વડનગર નગરપાલિકા દ્વારા અમરથોલ નજીક પશુઓ માટે સ્મશાન બનાવાશે. ગેસ આધારિત સ્મશાનથી અગ્નિદાહની પ્રક્રિયા ઝડપી બનશે સાથે પર્યાવરણની સ્વચ્છતા પણ જળવાશે. વડનગર નગરપાલિકાની આ પહેલને જીવદયા પ્રેમીઓએ આવકારી છે.

. . . . . . . . . .

## KACHCHH BHUKAMP

કચ્છમાં આજે ભૂકંપના આંચકાઓ અનુભવાયા. સવારે 11 વાગ્યેને 14 મિનિટે આવેલા આ ભૂકંપનું કેન્દ્ર બિન્દુ ધોળાવીરાથી 26 કિલોમીટર દૂર ભારત અને પાકિસ્તાનની સરહદે નોંધાયું હતું. રૅક્ટર સ્કેલ પર આ ભૂકંપની તીવ્રતા 3.2 માપવામાં આવી હોવાનું ગાંધીનગરના ભૂકંપ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા જણાવાયું છે.

. . . . . . . . . .

## DANG BASKET BALL

ડાંગના વિદ્યાર્થીઓએ રાજ્યકક્ષાની રમતગમત સંમેલનની બાસ્કેટ બૉલ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક મેળવ્યો છે. અમારાં પ્રતિનિધિ મુનિરા શેખ જણાવે છે, વ્યારા રમતગમત સંકુલ ખાતે યોજાયેલી રાજ્યકક્ષાની ચોથી એકલવ્ય રમતગમત સંમેલનની સ્પર્ધામાં આ સિદ્ધિ હાંસલ કરી છે. હવે આ વિદ્યાર્થીઓ આગામી 10થી 15 નવેમ્બર દરમિયાન ઓડિશામાં યોજાનારી રાષ્ટ્રીય કક્ષાની ચોથી એકલવ્ય રમતગમત સંમેલનમાં શાળાની બાસ્કેટ બૉલ સ્પર્ધામાં ભાગ લેવા જશે.

. . . . . . . . . .

## PANCHMAHAL POLICE

ઓપરેશન મુસ્કાન હેઠળ પંચમહાલ પોલીસે અપહરણ થયેલ 12 બાળકોને શોધી કાઢ્યા છે. જિલ્લાના વિવિધ પોલીસ મથકે નોંધાયેલી અપહરણ કે ગુમ થયેલ બાળકોની ફરિયાદના આધારે પોલીસે તપાસ હાથ ધરી હતી. જેને આધારે પોલીસને વિવિધ સ્થળોએથી ગુમ થયેલા બાળકોને શોધવામાં સફળતા મળી છે.

## MAHILA AYOG SURENDRANAGAR

સુરેન્દ્રનગરમાં ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના 13-મા સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી. આયોગનાં અધ્યક્ષ ધર્મિષ્ઠા ગજ્જરનાં નેતૃત્વ હેઠળ બાળકો સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ, ગરબા, રમત-ગમત, વૃક્ષારોપણ અને તિથિ ભોજન જેવા કાર્યક્રમ યોજાયા.

. . . . . . . . . .

## GARBA OVERALL

ભક્તિ અને આરાધનાના પર્વ નવરાત્રિના સાતમા નોરતે આજે માઁ કાલરાત્રિની પૂજા-અર્ચના કરાય છે. ત્યારે રાજ્યભરમાં ભક્તો ગરબે ઝૂમીને માતાજીની આરાધના કરી રહ્યા છે.

છોટાઉદેપુરમાં પોલીસ મુખ્યમથક ખાતે ગરબાનું આયોજન કરાયું. દરમિયાન પોલીસ અધિકારીઓ સહિત સંખેડા પોલીસ મથકની "શી" ટીમ ગરબે ઝૂમી હતી. જિલ્લામાં શી ટીમ વિવિધ જગ્યાએ લોકો પર નજર રાખી રહી છે. આ અંગે સંખેડાના પોલીસ સબ-ઈન્સ્પેક્ટર વી. ડી. બારિયાએ વધુ માહિતી આપી.

અરવલ્લીમાં મોડાસાની સરસ્વતી શાળાના મેદાનમાં ઑપરેશન સિંદૂર ગરબા મહોત્સવ ઉજવાયો. તેમાં ભાજપના હોદ્દેદારો, સ્થાનિક સહિતના લોકો ગરબે ઝૂમ્યા હતા.

નર્મદામાં નાના બાળકો માટેનો "અડકો-દડકો ગરબા મહોત્સવ" આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. આ પ્રસંગે ઑપરેશન સિંદૂરનો ગરબો પણ વગાડવામાં આવ્યો હતો.

. . . . . . . . . .